# KSKV KACHCHH UNIVERSITY
## TENDER NOTICE

| ક્રમ | કામની વિગત | ટેન્ડર ફી રકમ (રૂ.) | અર્નેસ્ટ મની (રૂ.) EMD |
|---|---|---|---|
| ૧ | યુનિવર્સિટી કેમ્પસ ખાતે કેન્ટીન સંચાલન કરવા અંગેનું ટેન્ડર (ચોથો પ્રયત્ન) | 1062/- | 20,000/- |

ઉપરોક્ત ટેન્ડર ફોર્મ યુનિવર્સિટીની વેબસાઈટ www.kskvku.ac.in પરથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડર સાથે ટેન્ડર ફી અને ઈ.એમ.ડી.નો ડીડી અથવા બેંકર્સ ચેક રજીસ્ટ્રાર કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટીના નામનો જોડવાનો રહેશે, અન્યથા ટેન્ડર રદબાતલ ગણાશે. જ્યારે ભરેલ ભાવનો ટેન્ડર દરેક પાર્ટીએ રજીસ્ટર્ડ એ.ડી.થી સીલબંધ કવરમાં મોકલી આપવાનો રહેશે. ટેન્ડર ઉપર સ્પષ્ટ શબ્દોમાં કામનું નામ તથા વર્ષ લખવાનું રહેશે. ટેન્ડરની ટેન્ડર ફી પરત મળવાપાત્ર નથી. ટેન્ડર સ્વીકારવાની આખરી તા.૦૫/૧૧/૨૦૨૬ કચેરી સમય સુધી રહેશે. ટેન્ડર બાબતે આખરી નિર્ણય લેવાની સંપૂર્ણ સત્તા યુનિવર્સિટીના સત્તાધીશોની રહેશે.

તા.૨૩/૧૦/૨૦૨૬

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી

ટેન્ડર ફી રૂા.૧૦૬૨/-
ઈએમડી રૂા.૨૦,૦૦૦/-

ક્રાંતિગુરૂશ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

## ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા

## કચ્છ યુનિવર્સિટી, ભુજ કેમ્પસ ખાતે કેન્ટીન સંચાલન માટે જાહેર ટેન્ડર.

ટેન્ડર ફોર્મ

વર્ષ:–૨૦૨૬–૨૭

ભુજ-કચ્છ
૩૭૦૦૦૧

## રદાતાની માહિતી

1. ટેન્ડરદાતા/પેઢીનું નામ :

______________________________________________

2. સંપૂર્ણ સરનામું :

______________________________________________

______________________________________________

3. ટેલિફોન નંબર (ઓફિસ) :

______________________________________________

4. મોબાઇલ નંબર :

______________________________________________

5. પેઢી/સંસ્થાનો પ્રકાર (એક પર ✔ કરવું) :

☐ માલિકી પેઢી **(Proprietorship)**
☐ ભાગીદારી પેઢી **(Partnership)**
☐ કંપની **(Company)**
☐ સહકારી મંડળી/સંસ્થા
☐ અન્ય ____________________

6. ભાગીદારી પેઢી હોય તો ભાગીદારોના નામ તથા કંપની હોય તો ડિરેક્ટરોના નામ અને સરનામા :

______________________________________________

______________________________________________

______________________________________________

7. સંસ્થાનું નોંધણી નંબર (નોંધણી પ્રમાણપત્રની નકલ જોડવાની રહેશે) :

______________________________________________

8. PAN નંબર (PAN Card ની નકલ જોડવાની રહેશે) :

______________________________________________

9. GST નંબર (GST Registration Certificate ની નકલ જોડવાની રહેશે) :

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ
૩૭૦૦૦૧

10. બેંકની વિગતો :

- બેંકનું નામ : ______________________
- શાખાનું નામ : ______________________
- ખાતા નંબર : ______________________
- IFSC Code : ______________________
- ખાતાધારકનું નામ : ______________________

11. ઈ-મેઇલ સરનામું :

______________________________________________

12. અગાઉનો અનુભવ :

______________________________________________

______________________________________________

નોંધ :

(1) ઉપરોક્ત તમામ વિગતો સાથે જરૂરી દસ્તાવેજોની સ્વપ્રમાણિત (Self-Attested) નકલ ફરજિયાત જોડવાની રહેશે.

(2) અધૂરી વિગતો ધરાવતા અથવા જરૂરી દસ્તાવેજો વિના રજૂ થયેલા ટેન્ડરો રદ કરવાની સત્તા યુનિવર્સિટી પાસે અનામત રહેશે.

(3) ટેન્ડરદાતા દ્વારા રજૂ કરાયેલ માહિતી ખોટી જણાશે તો ટેન્ડર રદ કરવાની તથા જરૂરી કાર્યવાહી કરવાની સત્તા યુનિવર્સિટી પાસે રહેશે.

સ્થળ : ________________

તારીખ : ________________

ટેન્ડરદાતાની સહી : ________________

નામ : ______________________

પેઢીનો સિક્કો

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ
૩૭૦૦૦૧

# સંમતિપત્ર

પ્રતિ,

કુલસચિવશ્રી,

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા

કચ્છ યુનિવર્સિટી, ભુજ.

**વિષયઃ યુનિવર્સિટી કેમ્પસ ખાતે કેન્ટીન સંચાલન અંગે ટેન્ડરમાં ભાગ લેવા બાબત સંમતિપત્ર.**

મહાશય,

અમે ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ દ્વારા વર્ષ 2026-27 જાહેર કરાયેલ ______________________________ટેન્ડર અંતર્ગત અમારા ભાવ આ સાથે રજૂ કરીએ છીએ.

ટેન્ડર દસ્તાવેજમાં દર્શાવેલ તમામ શરતો, નિયમો, સૂચનાઓ અને જોગવાઈઓ અમે સંપૂર્ણપણે વાંચી, સમજી અને સ્વીકારી છે. ટેન્ડરની તમામ શરતો અમને બંધનકર્તા રહેશે.

ટેન્ડરની શરતો મુજબ સેવા પૂરી પાડવા, ગુણવત્તા જાળવવા, સમયસર કામગીરી કરવા તથા લાગુ પડતા કાયદા, નિયમો અને ખાદ્ય સુરક્ષા સંબંધિત જોગવાઈઓનું પાલન કરવા અમે સંમત છીએ.

ટેન્ડરની કોઈપણ શરતનો ભંગ, ખોટી માહિતી અથવા દસ્તાવેજો રજૂ કરવાના, નબળી ગુણવત્તાની સેવા પૂરી પાડવાના અથવા કરારની જોગવાઈઓનું પાલન ન કરવાના કિસ્સામાં યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી કાર્યવાહી, દંડ, સિક્યુરિટી ડિપોઝિટની જપ્તી, કરાર રદ કરવો અથવા બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી અંગે અમને કોઈ વાંધો રહેશે નહીં.

ટેન્ડર સાથે રજૂ કરેલ તમામ માહિતી અને દસ્તાવેજો અમારી જાણ અને માન્યતા મુજબ સાચા અને યથાર્થ છે તે અંગે અમે ખાતરી આપીએ છીએ.

આ અંગેનો યુનિવર્સિટીનો નિર્ણય અમને આખરી અને બંધનકર્તા રહેશે.

ટેન્ડર ફી

રૂ. ________ DD NO.______________ DATE _____________ BANK _____________

ટેન્ડર EMD

રૂ. __________ DD NO.______________ DATE _____________ BANK ____________

ટેન્ડરની શરતો મુજબ રજૂ કરવામાં આવેલ છે. જે રજુ કરવામાં નહિ આવે તો ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે જે અમોને જાણ છે.

પેઢીનું નામ : ______________________________________

સરનામું : __________________________________________

તારીખ : _________________

સ્થળ : _________________

પેઢીના અધિકૃત પ્રતિનિધિની સહી : _________________

નામ : ____________________________________________

હોદ્દો : _____________________________________________(પેઢીનો સિક્કો)

# બાંહેધરી

પ્રતિ,
કુલસચિવશ્રી
કચ્છ યુનિવર્સિટીભુજ,

વિષય.ગુનાહિત કે છેતરપિંડી સંબંધિત કેસ અંગે સ્વઘોષણા :

હું નીચે સહી કરનાર ..................................................................................,
પેઢીસંસ્થા/તરફથી આથી જાહેર કરું છું કે અમારી પેઢી ............................................. સંસ્થા/,
તેના માલિક, ભાગીદાર, ડિરેક્ટર અથવા અધિકૃત પ્રતિનિધિ વિરુદ્ધ કોઈ પણ અદાલત દ્વારા ગુનાહિત પ્રવૃત્તિ, છેતરપિંડી, ભ્રષ્ટાચાર, વિશ્વાસઘાત, ગેરરીતિ અથવા જાહેર નાણાંના દુરુપયોગ સંબંધિત કેસમાં સજા થયેલ નથી.

વધુમાં એ પણ જાહેર કરું છું કે આ સ્વઘોષણામાં આપેલ માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી અને સંપૂર્ણ છેજો ભવિ .ષ્યમાં આ માહિતી ખોટી, અપૂર્ણ અથવા ભ્રામક હોવાનું જણાશે તો ટેન્ડરિંગ સત્તાધિકારી દ્વારા મારી અમારી અરજી અથવા કરાર કોઈપણ તબક્કે રદ કરવાની કાર્યવાહી/ કરવામાં આવશે, જે મને.અમને સ્વીકાર્ય રહેશે/

સ્થળ :___________

તારીખ :___________

ટેન્ડરદારની સહી :________________

નામ :__________________________

પેઢીસંસ્થાનું નામ અને સિક્કો/

# બાંહેધરી

પ્રતિ,
કુલસચિવશ્રી
કચ્છ યુનિવર્સિટી,
ભુજ

વિષય : **Blacklisting અંગેનું સ્વઘોષણા પત્ર**

નીચે સહી કરનાર ..............................................................................................., પેઢી સંસ્થા/તરફથી આથી જાહેર કરું છું કે અમારી પેઢી ................................................ સંસ્થા/ ) છેલ્લા ત્રણ03) વર્ષ દરમિયાન કોઈપણ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સરકારી વિભાગ, જાહેર ક્ષેત્રના ઉપક્રમ )PSU), સ્વાયત્ત સંસ્થા, યુનિવર્સિટી, બોર્ડ, નિગમ અથવા અર્ધસરકારી સંસ્થા દ્વારા Blacklist, Debar, Ban અથવા Tender Participation માટે પ્રતિબંધિત કરવામાં આવેલ નથી.

વધુમાં એ પણ જાહેર કરું છું કે હાલમાં અમારી પેઢી સંસ્થા વિરુદ્ધ કોઈપણ/ અર્ધસરકારી સંસ્થા સમક્ષ/સરકારીBlacklisting અથવા Debarment અંગેની કાર્યવાહી અમલમાં નથી.

સ્થળ :____________

તારીખ :____________

ટેન્ડરદારની સહી :__________________

નામ :______________________________

પેઢી સંસ્થાનું નામ અને/સિક્કો

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ
૩૭૦૦૦૧

# CANTEEN MANAGEMENT SERVICE

❖ **Eligibility Criteria**

- છેલ્લા 03 વર્ષ દરમિયાન શૈક્ષણિક સંસ્થા/યુનિવર્સિટી/સરકારી સંસ્થા/હોસ્ટેલ/કોર્પોરેટ તથા અન્ય Canteen/Food Service Management સર્વિસનો અનુભવ.
- GST Registration.
- PAN Card
- Adhar Card
- ગુનાહિત કે છેતરપિંડી સંબંધિત કેસ અંગે સ્વઘોષણા
- Blacklisting અંગેનું સ્વઘોષણા પત્ર
- FSSAI License.

ટેન્ડર માટે **FSSAI License ફરજિયાત** રાખવામાં આવે છે. ટેન્ડર ભરવાની તારીખે માન્ય FSSAI Registration/License હોય તો તેની નકલ રજૂ કરવાની રહેશે. જો FSSAI Registration/License ઉપલબ્ધ ન હોય, તો સફળ ટેન્ડરદાર તરીકે પસંદગી પામ્યા બાદ વર્ક ઓર્ડર જારી થયાની તારીખથી 30 દિવસની અંદર માન્ય FSSAI Registration/License મેળવી તેની નકલ યુનિવર્સિટીમાં રજૂ કરવાની રહેશે. નિર્ધારિત સમયમર્યાદામાં રજૂ કરવામાં નિષ્ફળ રહે તો યુનિવર્સિટીને વર્ક ઓર્ડર રદ કરવાનો તથા સિક્યુરિટી ડિપોઝિટ જપ્ત કરવાનો અધિકાર રહેશે.

સામાન્ય શરતો :

- Tender ફોર્મ યુનિવર્સિટીની વેબ સાઈટ www.kskvku.ac.in પરથી ડાઉનલોડ કરી શકાશે.
- ટેન્ડરની મુદત વર્ક ઓર્ડરની તારીખથી એક વર્ષ રહેશે.
- જે પાર્ટી Highest Monthly Rent (H-1) સૌથી વધુ માસિક ભાડું અંગે નો ભાવ ભરશે તેને કેન્ટીનનું સંચાલન સોંપવામાં આવશે. અને પાર્ટી ને વર્ક ઓર્ડર આપવામાં આવશે.
- ટેન્ડર સાથે નિર્ધારિત EMD RS. 20,000/- (refundable)તથા TENDER FEE (Non refundable) RS. 1062/- DD Or BANKERS CHEQUE REGISTRAR, KACHCHH UNIVERSITY ના નામનો જોડવાનું રહેશે .
- TENDER FEE & EMD વગરનું ટેન્ડર અમાન્ય ગણાશે.
- સત્તાધિકારીને ટેન્ડર સ્વીકારવા કે નામંજૂર કરવાનો સંપૂર્ણ અધિકાર રહેશે.
- ટેન્ડર સ્વીકૃતીપત્ર મળ્યા બાદ નિર્ધારિત સમયગાળામાં સફળ ટેન્ડરદારે RS. ૨૦,૦૦૦/- સિક્યુરીટી ડીપોઝીટ Demand Draft સ્વરૂપે Registrar, Kachchh University ના નામે જમા કરાવવાનો રહેશે.
- 300/- સ્ટેમ્પ પેપર પર કરાર કરવાનો રહેશે. ત્યારબાદ વર્ક ઓર્ડર આપવામાં આવશે.
- સેવા સંતોષકારક હશે તો નિયમાનુસાર Security Deposit પરત કરવામાં આવશે. ટેન્ડર પ્રક્રિયા અંગે કોઈ વિવાદ ઊભો થાય તો તે બાબતે સત્તાધિકારીઓનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
- આ ટેન્ડર અંગેનો ન્યાયક્ષેત્ર માત્ર સંબંધિત જિલ્લાના સક્ષમ અદાલતને રહેશે.

ભુજ-કચ્છ
૩૭૦૦૦૧

# CANTEEN MANAGEMENT SERVICE

❖ **Scope of Work**

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, કેમ્પસમાં કેન્ટીન કાર્યરત છે. વિદ્યાર્થી ભાઈ-બહેનોને ગુણવત્તાયુક્ત, પૌષ્ટિક, સ્વચ્છ અને સમયસર ચા/ નાસ્તો/જમવાનું માંગણી મુજબ ઉપલબ્ધ કરાવવાનું રહેશે:

**1. Canteen Operations Management**

- યુનિવર્સિટી કેન્ટીનનું દૈનિક સંચાલન કરવું.
- આ કામગીરી માટે જરૂરી સુપરવાઇઝર, રસોઇયા, સહાયક સ્ટાફ, સફાઈ કર્મચારી વગેરેની વ્યવસ્થા કરવી.
- સમગ્ર કામગીરી દરમિયાન પૂરતો સ્ટાફ ઉપલબ્ધ રાખવો.

**2. Food Preparation & Serving**

- તાજી અને ગુણવત્તાસભર ખાદ્ય સામગ્રીનો ઉપયોગ કરવો.
- પૌષ્ટિકતા, સ્વાદ અને સ્વચ્છતાના ધોરણો જાળવવા.
- ભોજન ગરમ અને સ્વચ્છ પરિસ્થિતિમાં પીરસવું.
- જરૂરિયાત મુજબ વિદ્યાર્થીઓની સંખ્યાને અનુરૂપ ભોજનની વ્યવસ્થા કરવી.

**3. Hygiene & Sanitation**

- કેન્ટીનનું રસોડું, ડાઇનિંગ એરિયા તથા આસપાસના વિસ્તારોની નિયમિત સફાઈ કરવી.
- ખાદ્ય સુરક્ષા તથા સ્વચ્છતા સંબંધિત લાગુ નિયમોનું પાલન કરવું.
- સ્ટાફ દ્વારા સ્વચ્છ યુનિફોર્મ, હેડ કેપ તથા ગ્લોવ્ઝનો ઉપયોગ સુનિશ્ચિત કરવો.
- કેન્ટીન,રસોડાનીની સફાઈ નિયમિત કરવાની રહેશે. કચરાના વૈજ્ઞાનિક અને નિયમિત નિકાલની વ્યવસ્થા કરવી.

**4. Procurement & Storage**

- સંચાલન માટે જરૂરી ખાદ્ય સામગ્રી, મસાલા, શાકભાજી, દૂધ, ફળ વગેરેની ખરીદી તથા ઉપલબ્ધતા અને ગુણવતા જાળવવી.
- ખાદ્ય સામગ્રીનું યોગ્ય સંગ્રહ કરવું.
- સમાપ્તિ તારીખ (Expiry Date) પસાર થયેલી સામગ્રીનો ઉપયોગ ન કરવો.

**5. Quality Control**

- ભોજનની ગુણવત્તા અંગે યુનિવર્સિટીના અધિકારી દ્વારા કરવામાં આવતી તપાસમાં સહકાર આપવો.
- વિદ્યાર્થીઓ તરફથી પ્રાપ્ત ફરિયાદોનો તાત્કાલિક નિકાલ કરવો.
- ગુણવત્તામાં ખામી જણાય તો યુનિવર્સિટીના સૂચન મુજબ સુધારાત્મક પગલાં લેવા.

**6. Compliance Requirements**

- Food Safety and Standards સંબંધિત લાગુ કાયદા, નિયમો અને માર્ગદર્શિકાનું પાલન કરવું.
- સ્ટાફને પગાર તથા અન્ય લાભ સંબંધિત તમામ જવાબદારી એજન્સીને રહેશે. સ્ટાફના વેરિફિકેશન તથા જરૂરી દસ્તાવેજો જાળવવા. અન્ય લાગુ કાયદાકીય જોગવાઈઓનું પાલન કરવું.

**7. Infrastructure & Equipment Handling**

- યુનિવર્સિટી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી કેન્ટીન સંબંધિત સુવિધાઓ, રસોડું, વગેરેનો યોગ્ય ઉપયોગ અને જાળવણી કરવી.
- આ કામગીરી માટે જરૂરી સાધન સામગ્રી, વાસણો,ગેસ વગેરે ની વ્યવસ્થા એજન્સી કરવાની રહેશે.
- એજન્સીની બેદરકારીથી થયેલ નુકસાનની ભરપાઈ એજન્સીએ કરવાની રહેશે.

ભુજ-કચ્છ 370001

**ords & Reporting**

- દૈનિક ભોજન લાભાર્થીઓની સંખ્યા, મેનુ, સ્ટોક તથા અન્ય જરૂરી રેકોર્ડ સરકારી નિયમ મુજબ જાળવવા રહેશે.
- યુનિવર્સિટી માંગે ત્યારે સંબંધિત માહિતી રજૂ કરવી.

**9. Safety & Security**

- અગ્નિસુરક્ષા (Fire Safety) તથા અન્ય સલામતીના નિયમોનું પાલન કરવું.
- રસોડામાં ગેસ, વીજળી તથા અન્ય સાધનોનો સુરક્ષિત ઉપયોગ કરવો.

**1. સામાન્ય જોગવાઈઓ**

1. ભોજન તાજું, સ્વચ્છ, પૌષ્ટિક અને ગુણવત્તાયુક્ત સામગ્રીમાંથી તૈયાર કરવાનું રહેશે.
2. રસોઈમાં માત્ર પ્રમાણભૂત બ્રાન્ડેડ ખાદ્યતેલ, મસાલા અને ખાદ્યસામગ્રીનો ઉપયોગ કરવાનો રહેશે.
3. અગાઉના દિવસનું વધેલું ભોજન ફરી પીરસી શકાશે નહીં.



## ...ન સંચાલન માટેની શરતો

- કેન્ટીનની જગ્યા " As is where is and whatever there is basis" પર ફાળવવામાં આવશે.
- કેન્ટીનની ફાળવણી Highest Monthly Rent (H-1) આધારિત કરવામાં આવશે.
- દર માસનું ભાડું, લાગુ GST તથા વીજળીનું બિલ દર મહિનાની 1 થી 7 તારીખ દરમિયાન ભરવાનું રહેશે.
- નિયત સમયમર્યાદામાં ભાડું તથા અન્ય ચૂકવણી ન કરવામાં આવે તો યુનિવર્સિટીના નિયમો મુજબ દંડ/પેનલ્ટી વસૂલ કરવામાં આવશે.
- કરારનો સમયગાળો પ્રારંભિક એક વર્ષનો રહેશે. કામગીરી સંતોષકારક જણાઈ તો યુનિવર્સિટીના નિર્ણયથી વધુ એક વર્ષ માટે લંબાવી શકાશે.
- સફળ ટેન્ડરધારકે રૂ. ૨૦,૦૦૦/- સિક્યુરિટી ડિપોઝિટ જમા કરાવવાની રહેશે.
- સફળ ટેન્ડરધારકે રૂ. 300/- ના સ્ટેમ્પ પેપર પર કરાર કરાવવાનો રહેશે.
- કેન્ટીનની આંતરિક સફાઈ, ફર્નિચર, સાધનો, રસોડાના વાસણો, ગેસ સિલિન્ડર, ફ્રીઝ, પાણીની વ્યવસ્થા તથા અન્ય જરૂરી સામગ્રીની વ્યવસ્થા અને જાળવણીની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.
- કેન્ટીન દરરોજ સવારે ૦૯ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી ચાલુ રાખવાની રહેશે. યુનિવર્સિટી દ્વારા સૂચવેલ સમય મુજબ સેવા આપવાની રહેશે.
- વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને મુલાકાતીઓને ચા, કોફી, નાસ્તો, ભોજન તથા અન્ય ખાદ્ય પદાર્થો સ્વચ્છ, ગુણવત્તાયુક્ત અને તાજા ઉપલબ્ધ કરાવવાના રહેશે.
- કેન્ટીનમાં વેચાણ કરવામાં આવતી તમામ ચીજવસ્તુઓના ભાવ બજારભાવ મુજબ અથવા યુનિવર્સિટી દ્વારા મંજૂર કરાયેલ મહત્તમ દર કરતાં વધુ ન હોવા જોઈએ.
- યુનિવર્સિટી દ્વારા મંજૂર કરાયેલ મેનુ અને ભાવપત્રકનું મોટું બોર્ડ કેન્ટીનમાં સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરવાનું રહેશે.
- ખાદ્ય ચીજવસ્તુઓની ગુણવત્તા, સ્વચ્છતા, તથા રસોડાની સ્વચ્છતા જાળવવાની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.
- કોન્ટ્રાક્ટરે Food Safety and Standards Act (FSSAI) તથા અન્ય લાગુ સરકારી નિયમોનું પાલન કરવાનું રહેશે.
- પ્લાસ્ટિક પ્રતિબંધ, સ્વચ્છતા, અગ્નિસુરક્ષા અને આરોગ્ય સંબંધિત યુનિવર્સિટીના તમામ નિયમોનું પાલન કરવું ફરજિયાત રહેશે.
- કરાર દરમિયાન Rate Revision નહીં થાય.
- કેન્ટીન સમય જરૂરિયાત મુજબ યુનિવર્સિટી વધારી/ઘટાડી શકે તેવી જોગવાઈ ઉમેરવી.
- કેન્ટીનમાં મદ્યપાન, તમાકુ, ગુટખા, સિગારેટ તથા અન્ય પ્રતિબંધિત પદાર્થોના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.
- મેસની અંદર કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ, કરવી નહિ. પ્રતિબંધિત વસ્તુઓનો ઉપયોગ કરવો નહીં.
- યુનિવર્સિટીના અધિકૃત અધિકારીઓ દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવું.
- વિદ્યાર્થીઓના હિતને પ્રાથમિકતા આપી સેવા પૂરી પાડવી. કેન્ટીન રજીસ્ટર [illegible]ભાવનો રહેશે.

ભુજ-કચ્છ ૩૭૦૦૦૧

- શાકાહારી ભોજન બનાવવાનો રહેશે.
- અઠવાડિયામાં બધા દિવસ  સેવા આપવાની રહેશે.
- ઉચ્ચ ગુણવત્તા ઉક્ત માલસામાન વાપરવાનો રહેશે.
- રસોઈ બનાવવા જરૂરી સાધનો અને જમવા માટે જરૂરી થાળી,વાટકા, ગ્લાસ.ચમચી વગેરે સાધનો ની વ્યવસ્થા એજન્સીએ કરવાની રહેશે.
- કેન્ટીન સંચાલન માટે યુનિવર્સિટી દ્વારા રસોડું, ડાઇનિંગ સ્પેસ, ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- સંચાલક દ્વારા વપરાતી વીજળીનો ખર્ચ અલગ વીજ મીટરના રીડિંગના આધારે વાસ્તવિક વપરાશ મુજબ યુનિવર્સિટી દ્વારા વસૂલ કરવામાં આવશે.
- વિદ્યાર્થીઓની રજાઓ, વેકેશન, પરીક્ષા અથવા અન્ય કારણોસર તે સમયગાળા દરમિયાન કોઈ ન્યૂનતમ વ્યવસાય (Minimum Business Guarantee), વળતર, સ્થિર ખર્ચ (Fixed Charges) અથવા અન્ય કોઈ નાણાકીય દાવો યુનિવર્સિટી સામે માન્ય ગણાશે નહીં.
- યુનિવર્સિટીને વિશેષ કાર્યક્રમો, પરીક્ષા, પરિસંવાદ અથવા અન્ય પ્રસંગોએ જરૂરી જણાય ત્યારે કેન્ટીનનો સમય વધારવા અથવા ખાસ મેનુ ઉપલબ્ધ કરાવવા અંગે સૂચના આપવાનો અધિકાર રહેશે અને કોન્ટ્રાક્ટરે તેનો પાલન કરવાનું રહેશે."
- વિદ્યાર્થીઓ ના સ્વાસ્થ્યને હાની પહોચાડે તેવી વસ્તુ વેચવા પર પર્તીબંધ રહેશે.
- વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અથવા યુનિવર્સિટી તરફથી મળતી ફરિયાદોના તાત્કાલિક નિવારણ માટે કોન્ટ્રાક્ટર જવાબદાર રહેશે.
- ટેન્ડરની કોઈપણ શરતનો ભંગ, સેવામાં બેદરકારી, ભાડું ભરવામાં સતત નિષ્ફળતા અથવા યુનિવર્સિટી કે વિદ્યાર્થીના હિતને નુકસાન થાય તેવી પરિસ્થિતિ સર્જાય તો યુનિવર્સિટીને કોઈપણ સમયે કરાર રદ કરવાનો અધિકાર રહેશે.
- યુનિવર્સિટીને એક મહિનાની લેખિત નોટિસ આપી કરાર સમાપ્ત કરવાનો અધિકાર રહેશે. તેવી જ રીતે કોન્ટ્રાક્ટરે પણ એક મહિનાની પૂર્વ લેખિત નોટિસ આપ્યા વિના કેન્ટીન બંધ કરી શકશે નહીં.
- ટેન્ડર સંબંધિત કોઈપણ બાબતમાં યુનિવર્સિટીનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
- કોઈપણ વિવાદની સ્થિતિમાં ભુજ, કચ્છની અદાલતોનું સ્થાનિક ન્યાયક્ષેત્ર (Jurisdiction) લાગુ પડશે.

તારીખ : ______________

સ્થળ : ______________

ટેન્ડરધારકની સહી : ________________

નામ : ______________________________

પેઢીનો સિક્કો

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ
૩૭૦૦૦૧

## અન્ય શરતો

**યુનિવર્સિટીની મિલકત**

યુનિવર્સિટી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ નો યોગ્ય ઉપયોગ તથા જાળવણી કરવાની રહેશે.મેસ સંચાલકની બેદરકારીથી થયેલ કોઈપણ નુકસાનની સંપૂર્ણ ભરપાઈ મેસ સંચાલકે કરવાની રહેશે.

**ફૂડ પોઈઝનિંગ, આરોગ્યને નુકસાન તથા અનિચ્છનીય બનાવ અંગે વિશેષ જોગવાઈ**

કરારના સમયગાળા દરમિયાન કેન્ટીનમાં પીરસવામાં આવેલ ભોજન, પાણી, ખાદ્ય સામગ્રી, અસ્વચ્છતા, બેદરકારી અથવા મેસ સંચાલનની ખામીને કારણે કોઈ વિદ્યાર્થી, કર્મચારી, મહેમાન અથવા અન્ય વ્યક્તિને:

- Food Poisoning;
- Food Infection;
- ગંભીર બીમારી;
- આરોગ્યને નુકસાન;
- શારીરિક ઈજા;
- કાયમી અશક્તતા;
- મૃત્યુ;
- અથવા અન્ય કોઈ અનિચ્છનીય બનાવ બને, તો તેની સંપૂર્ણ નાગરિક, ફોજદારી, કાયદાકીય અને નાણાકીય જવાબદારી સંચાલકની રહેશે.
- આવા કિસ્સામાં:

1. હોસ્પિટલમાં દાખલ કરવાની વ્યવસ્થા સંચાલકે કરવાની રહેશે.
2. સારવાર, દવાઓ, એમ્બ્યુલન્સ, લેબ ટેસ્ટ, હોસ્પિટલ ખર્ચ તથા અન્ય તમામ ખર્ચ સંચાલકે ભોગવવાનો રહેશે.
3. અસરગ્રસ્ત વ્યક્તિ અથવા તેના પરિવારને ચૂકવવાના વળતર, નુકસાન ભરપાઈ અથવા કોર્ટ દ્વારા નક્કી થયેલ રકમ સંચાલકે ચૂકવવાની રહેશે.
4. યુનિવર્સિટી સામે કોઈ દાવો, કેસ અથવા વળતરની માંગણી થાય તો તેની સંપૂર્ણ જવાબદાર સંચાલકની રહેશે.
5. યુનિવર્સિટીને થયેલ કોઈપણ નાણાકીય નુકસાનની સંપૂર્ણ ભરપાઈ સંચાલકે કરવાની રહેશે.
6. આવા બનાવ માટે યુનિવર્સિટીને કોઈપણ પ્રકારની નાગરિક, ફોજદારી અથવા નાણાકીય જવાબદારી રહેશે નહીં.

**બાંહેધરી**

સંચાલકે આથી બાંહેધરી આપે છે કે મેસ સંચાલન દરમિયાન થનાર કોઈપણ અકસ્માત, Food Poisoning, આરોગ્યને નુકસાન, મૃત્યુ, તૃતીય પક્ષ દાવો, કોર્ટ કેસ, વળતર, દંડ અથવા અન્ય કાયદાકીય કાર્યવાહી સામે યુનિવર્સિટીને સંપૂર્ણપણે નિર્દોષ રાખશે અને તમામ જવાબદારી પોતે ભોગવશે.

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ
૩૭૦૦૦૧

**ક્ષણ અને ગુણવત્તા તપાસ**

યુનિવર્સિટીની અધિકૃત અધિકારી કોઈપણ સમયે કેન્ટીન, રસોડું, ખાદ્ય સામગ્રી અને ભોજનની ગુણવત્તાની તપાસ કરી શકશે.

જરૂર જણાય તો ખાદ્ય સામગ્રીના નમૂનાઓ સરકારી અથવા માન્ય લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલવામાં આવશે અને તેનો ખર્ચ સંચાલક પાસેથી વસૂલ કરવામાં આવશે.

**કરાર સમાપ્ત કરવાની જોગવાઈ**

નીચેના કિસ્સામાં યુનિવર્સિટી કોઈપણ પૂર્વ સૂચના વિના કરાર તાત્કાલિક અસરથી સમાપ્ત કરી શકશે:

1. Food Poisoning અથવા ગંભીર આરોગ્ય સંબંધિત બનાવ
2. ભેળસેળયુક્ત અથવા અસ્વચ્છ ભોજન પીરસવું
3. કરારની શરતોનો ભંગ
4. ખોટા દસ્તાવેજો રજૂ કરવાં
5. વિદ્યાર્થીઓ પાસેથી વારંવાર ફરિયાદો મળવી
6. કાયદાકીય નિયમોનું પાલન ન કરવું
7. Blacklisting અથવા ગુનાહિત માહિતી બહાર આવવી.

આવા કિસ્સામાં યુનિવર્સિટી સિક્યુરિટી ડિપોઝિટ જપ્ત કરવા, નુકસાનની વસુલાત કરવા તથા સંચાલકને Blacklist/Debar કરવાની કાર્યવાહી કરી શકશે.

- **Performance Security**
- કરારની તમામ શરતોનું પાલન ન થાય, ગુણવત્તામાં ખામી રહે, ભાડું બાકી રહે અથવા કરારનો ભંગ થાય તો યુનિવર્સિટીને Security Deposit જપ્ત કરવાનો અધિકાર રહેશે.
- **Inspection Clause**
- અધિકૃત અધિકારી કોઈપણ સમયે પૂર્વ સૂચના વિના કેન્ટીનનું નિરીક્ષણ કરી શકશે અને કોન્ટ્રાક્ટરે સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે.
- **Food Sample**
- જરૂરી જણાય ત્યારે ભોજનના નમૂના (Food Sample) લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલી શકાશે અને તેનો ખર્ચ નિયમ મુજબ વસૂલ કરી શકાશે.
- **Penalty Clause**
  ઉદાહરણ તરીકે:
- ગંદકી – ₹500 થી ₹2,000
- ગુણવત્તામાં ખામી – ₹2,000
- સમયસર સેવા ન આપવી – ₹1,000
- મેનુ મુજબ સેવા ન આપવી – ₹2,000
- ગંભીર ઉલ્લંઘન – કરાર રદ અને ડિપોઝીટ જપ્ત
- **Subletting Prohibited**
- યુનિવર્સિટીની પૂર્વ લેખિત મંજૂરી વિના કોન્ટ્રાક્ટર કેન્ટીન અન્ય કોઈ વ્યક્તિ/એજન્સીને ચલાવવા આપી શકશે નહીં.

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ-કચ્છ ૩૭૦૦૦૧

**No Employment Claim**

- કોન્ટ્રાક્ટરના કોઈપણ કર્મચારી ના લાભ સંબંધિત કોઈ જવાબદારી યુનિવર્સિટી રહેશે નહી. **Police Verification**
- તમામ કર્મચારીઓનું પોલીસ વેરિફિકેશન કરાવવાનું રહેશે.
- **Health Certificate**
- રસોઈયા તથા Food Handler નું Medical Fitness Certificate ફરજિયાત રહેશે.
- **Insurance**
- અકસ્માત, આગ અથવા અન્ય જોખમ માટેની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.
- **Indemnity Clause**
- તૃતીય પક્ષના દાવા, અકસ્માત અથવા Food Poisoning માટે યુનિવર્સિટી જવાબદાર રહેશે નહીં.
- **Termination without Compensation**
- જાહેર હિત, વહીવટી કારણો અથવા નીતિગત નિર્ણયથી કરાર રદ થાય તો કોન્ટ્રાક્ટરને કોઈ વળતર મળવાનું રહેશે નહીં.
- **Force Majeure**
- કુદરતી આફત, મહામારી, સરકારના પ્રતિબંધ વગેરે પરિસ્થિતિમાં બંને પક્ષોની જવાબદારી અલગ રહેશે.
- **Dispute Resolution**
- વિવાદ પહેલાં કુલસચિવ સ્તરે રજૂઆત અને ત્યારબાદ જ કાનૂની કાર્યવાહી.
- **Rent & Electricity**
- કેન્ટીન ભાડું અને ઇલેક્ટ્રિસિટી બીલ દર મહીને તા.૧ થી ૭ સુધી ભરવાના રહેશે. અન્યથા ૫% પેનલ્ટી વસૂલ થશે અને સતત 2 મહિના બાકી હોય તો **Security Deposit માંથી વસૂલાત અને કરાર રદ કરવામાં આવશે.**
- **Waste Management**
- ભીના અને સૂકા કચરાનો અલગ નિકાલ તથા પર્યાવરણના નિયમોનું પાલન કરવું.
- **Plastic Ban**
- Single Use Plastic નો ઉપયોગ સંપૂર્ણ પ્રતિબંધિત રહેશે.
- **Digital Payment**
- UPI/QR Code દ્વારા ચુકવણીની સુવિધા ઉપલબ્ધ રાખવી.
- **Display Board**
- FSSAI License, Menu, Rate List, અને Working Hours સ્પષ્ટ રીતે દર્શાવવાના રહેશે.
- **GST Invoice**
- જરૂરી હોય ત્યારે GST Bill આપવાનું રહેશે.
- **No Smoking / Tobacco**
- કેન્ટીન વિસ્તારમાં ધુમ્રપાન તથા તમાકુના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

પેઢીનો સહી સિક્કો

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ
૩૭૦૦૦૧

કચ્છ યુનિવર્સિટી, ભુજના કેમ્પસમાં કેન્ટીન સંચાલન માટે સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર માસિક ભાડાના સૌથી વધુ ભાવ **Highest Monthly Rent (H-1)** મુજબ ફાળવવામાં આવશે.

## કેન્ટીન સંચાલન માટે પ્રસ્તાવિત ભાડું:

- માસિક ભાડું આંકડામાં  રૂ.: __________
- માસિક ભાડું શબ્દોમાં  રૂ.: __________

**નોંધ :**

**માસિક ભાડા ની રકમ સાથે ૧૮ % GST અલગ થી ચૂકવાના રહેશે. તેમજ નિયમોનુસાર વીજળી બીલ દર મહીને ચૂકવવાના રહેશે.**

તારીખ : ______________

સ્થળ : ______________

ટેન્ડરધારકની સહી : ________________

નામ : ______________________________

પેઢીનો સિક્કો

ક્રાન્તિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ
૩૭૦૦૦૧

## અનુસૂચિ - અ

# કેન્ટીન મેનુ અને મહત્તમ વેચાણ દર

| વિગત | દર (રૂ.) |
|---|---|
| ચા | 10/- |
| કોફી | 20/- |
| દૂધ | 20/- |
| લીંબુ પાણી (ફુલ ગ્લાસ) | 15/- |
| વરિયાળી શરબત (ફુલ ગ્લાસ) | 15/- |
| વડા પાવ (૧ નંગ) | 20/- |
| સમોસા (૧ નંગ) | 20/- |
| દાબેલી (૧ નંગ) | 20/- |
| ભેળ (1 પ્લેટ) | 30/- |
| બટાકા પૌંઆ (1 પ્લેટ) | 30/- |
| ઉપમા (1 પ્લેટ) | 30/- |
| ઈંડલી-સાંભાર (1 પ્લેટ) | 40/- |
| બ્રેડ પકોડા + સોસ/ ચટણી (2 નંગ) | 30/- |
| આલુ પરોઠા + સોસ/ ચટણી (૧ નંગ) | 50/- |
| મેથી થેપલા + સોસ/અથાણું/ચટણી (૩ નંગ) | 30/- |
| પરોઠા શાક (2 પરોઠા + શાક) | 50/- |
| પૂરી શાક (5 પૂરી + શાક) | 40/- |
| થેપલા (૩ થેપલા + શાક) | 40/- |
| રોટલી શાક (૩ રોટલી + શાક) | 40/- |
| સેન્ડવિચ (આલુ સ્ટફ) | 40/- |
| વેજ સેન્ડવિચ | 50/- |
| પાવ ભાજી | 70/- |

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ
૩૭૦૦૦૧

| | |
|---|---|
| ગુજરાતી થાળી<br>દાળ+ભાત+શાક+રોટલી | 80/- |
| ગુજરાતી થાળી<br>દાળ+ભાત+શાક+રોટલી+મિઠાઈ+ફરસાણ | 120/- |
| આઈસ્ક્રીમ/ કોલ્ડ ડ્રિંક/ છાશ/ દહીં | MRP મુજબ |

- ઉપરોક્ત દરો મહત્તમ દર છે. યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી વિના દરમાં વધારો કરી શકાશે નહીં.
- તમામ ખાદ્ય પદાર્થો સ્વચ્છ, ગુણવત્તાયુક્ત અને તાજા હોવા જોઈએ.
- મેનુ તથા મંજૂર દરોનું બોર્ડ કેન્ટીનમાં સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરવાનું રહેશે.
- યુનિવર્સિટીની સુચના મહેમાનો કે કર્મચારીઓ માટે ચા-કોફી, નાસ્તા અને ભોજનની વ્યવસ્થા કરવાની રહેશે. જેના ચુકવણા યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. મેનુમાં નવી વસ્તુઓ ઉમેરવા અથવા દરોમાં ફેરફાર કરવાનો અધિકાર યુનિવર્સિટીના અધિકારીઓને રહેશે..
- વિદ્યાર્થીઓના હિતમાં વિશેષ પ્રસંગે રાહત દરે ભોજન/નાસ્તો ઉપલબ્ધ કરાવવા અંગે યુનિવર્સિટી સૂચના આપી શકશે.
- કેન્ટીનની ફાળવણી માત્ર Highest Monthly Rent (H-1) ના આધારે કરવામાં આવશે. યુનિવર્સિટી દ્વારા મંજૂર કરાયેલા દર/MRP કરતાં વધુ ભાવ વસૂલ કરી શકાશે નહીં તથા પૂર્વ મંજૂરી વિના ભાવમાં કોઈ વધારો કરી શકાશે નહીં. આ બાબતની જાણ થશે તો તાત્કાલિક ધોરણે કરાર રદ કરવામાં આવશે.

તારીખ : ____________

સ્થળ : ____________

ટેન્ડરધારકની સહી : ____________

નામ : ____________

પેઢીનો સિક્કો

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ
૩૭૦૦૦૧